પરિપત્ર

અત્યંત જરૂરી/સમયમર્યાદા

નં.મક/આવિ/પરિપત્ર/૩૨૨૨/૨૦૧૭

મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી,

સી-૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

તા.૨૭/૯/૧૭

પ્રતિ,

ડીનશ્રી/રજીસ્ટ્રારશ્રી/ડાયેરકટરશ્રી, સુરત શહેર તથા જિલ્લાની તમામ કોલેજો

આચાર્યશ્રી, સુરત શહેર તથા જિલ્લાની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

વિષય:- ધો-૧૧-૧૨ તથા કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને વર્ષ ૨૦૧૭-૧૮ની શિષ્યવૃતિની દરખાસ્તો DIGITAL GUJARAT પોર્ટલ પર ઓનલાઇન કરવા બાબત.

જય ભારતસહ જણાવવાનું કે, વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન આપની ઉ.મા.શાળા/ કોલેજ/ સંસ્થા/ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણીક યોજનાઓ ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કરેલ છે અને તેનુ ચૂકવણું DBT હેઠળ વિદ્યાર્થીનાં ખાતામાં સીધા જમાં કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીઓ માટે ભારત સરકારશ્રીના તા.૨૧/૬/૨૦૧૧ના પત્ર નંબર ૧૯૦૧૨/૦૫/૨૦૧૦-એજયુકેશનથી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ અન્વયે તથા સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા અનુસુચિત જનજાતિના વિધાર્થીનીઓને પૂરેપૂરી ટ્યુશન ફી પરત આપવાની બાબતનો પત્ર ગુજરાત સરકાર આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:સફક/૨૦૨૦૦૮/ન.બા.૩૯/ગ સચિવાલય ગાંધીનગરના તા.૧૧/૧૧/૨૦૦૯ મુજબ મળતી પોસ્ટમેટ્રીક સ્કોલરશીપ નિયમોનુસાર મંજુર કરવાની રહેશે.

આ માટે ડીઝીટલ ગુજરાત પોર્ટલ પરની વેબસાઇટ **"digitalgujarat.gov.in"** પર જે યોજનાકીય ફોર્મ ઓનલાઇન ભરવાના છે તેની માહિતી નીચે મુજબ છે.

| અ. | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર/કન્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ધો- ૧૧-૧૨થી કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક, એમફીલ, પીએચડી જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ | કુટુમ્બની વાર્ષિક આવક રૂ! ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | |
| ૨. | ધો- ૧૧-૧૨થી કોલેજ કક્ષાના સ્નાતક, અનુસ્નાતક, એમફીલ, પીએચડી જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ | વાર્ષિક આવક રૂ! ૨.૫૦ લાખથી વધુ | ફક્ત કન્યાઓ | |
| 3. | કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહેતા વિધાર્થીઓને ભોજનબીલ સહાય | વાર્ષિક આવક રૂ! ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | |
| 4. | ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો (આઇ.ટી.આઇ) માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃતિ | વાર્ષિક આવક શહેરી વિસ્તાર રૂ!૬૮,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર રૂ! ૪૭,૦૦૦/- ઓછી | કુમાર અને કન્યા બંને | |

| | | | | |
|---|---|---|---|---|
| 5. | પ્રથમ વર્ષ મેડીકલ, ડીગ્રી એન્જીનીયરીંગ તથા ડિપ્લોમા એન્જીનીયરીંગ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સાધનો ખરીદવા સહાય | વાર્ષિક આવક રૂ! ૨.૫૦ લાખથી ઓછી | કુમાર અને કન્યા બંને | |

<u>નોંધ:-</u> અગાઉ કોમન પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી. જેમકે સમરસ હોસ્ટેલના વિધાર્થીઓએ વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઇન ફોર્મ ભરેલ હોવાથી તેઓનું કોમન પ્રોફાઇલ રજીસ્ટ્રેશન થયેલ હોઇ તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી. તેઓએ સીધા રજિસ્ટ્રેડ યુઝરમાં લોગીન થઇને જે તે લાગુ પડતી યોજનાના તમામ ફોર્મ યોજનાદીઠ, અલગ અલગ ભરવાના રહેશે.

આમ, પોર્ટલ પરની તમામ યોજનાઓ માટે એક જ વાર કોમન પ્રોફાઇલ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તમામ યોજનાઓ માટે લોગીન આઇ.ડી પાસવર્ડ એક જ રહેશે. સંસ્થાએ દરેક વિધાર્થી પાસે આધાર નંબર અને તેનું બેંક એકાઉન્ટ નંબર સાથે સીડીંગ (લીંકીંગ) છે કે નહી તે ચકાસી અને જો લીકીંગ ના હોય તો તે કરાવવા માટે ટોચ અગ્રીમતા આપવાની રહેશે. <u>વિદ્યાર્થીએ જે બેંક એકાઉન્ટ નંબર જોડે આધાર નંબર સીડીંગ (લીંક) કરાવેલ હોય તે જ એકાઉન્ટ નંબર તમામ યોજના માં એપ્લાય કરવાનો રહેશે.</u>

વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇ-મેઇલ કે એસ.એમ.એસથી આપવામાં આવેલ સૂચનાઓ કે માહિતીનું સત્વરે અમલ કરી અને તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે પણ જો તેની એપ્લીકેશન સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો પણ તેનું ચૂકવણું નહી કરવામાં આવે.

કોલેજ કક્ષાની દરેક સંસ્થાએ તેનો લોગીનઆઇડી જેતે સંસ્થાનો AISHE કોડ રહેશે. નવી સંસ્થાએ તે કોડ મેળવવાનો રહેશે. જે સંસ્થાએ વર્ષ ૨૦૧૭-૧૮માં ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર ટેબલેટ સહાયનાં ફોર્મ ભર્યા હશે તે જ લોગીનઆઇડી અને પાસવર્ડ રહેશે.

ધો.૧૧-૧૨ માં દરેક સંસ્થાનો DISE કોડ તેનો લોગીન આઇડી રહેશે. નવી શાળાએ તે કોડ મેળવવાનો રહેશે. સરકાર માન્ય ITI માં SSO કોડ તેનો લોગીન આઇડી રહેશે. કોલેજ કક્ષા, ધો-૧૧-૧૨ અને આઇ.ટી.આઇ જેવી સંસ્થાઓમાં પ્રથમવાર જો લોગીન થતા હોયતો બાયડીફોલ્ટ તેનો પાસવર્ડ Abcd@123 રહેશે. ત્યારબાદ તે પાસવર્ડ બદલવાનો રહેશે.

<u>સંસ્થાએ સૌ પ્રથમ દિન-૩ માં તેમનાં લોગીનમાં એડમીન નામના મેનુમાં જઇને સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમોની વિગતો તાત્કાલિક ભરવાની રહેશે. સંસ્થાનાં કોર્ષનું મેપીગ થયા બાદ જ વિદ્યાર્થી ફોર્મ ભરી શકશે. માટે સદરહું બાબતને ટોચ અગ્રીમતા આપશો.</u>

સંસ્થાના અભ્યાસક્રમને લગતા પ્રશ્નો માટે રાકેશ પી.ઠાકર ૯૯૨૫૩૮૩૫૩ પર સંપર્ક કરવાનો રહેશે. ફક્ત અભ્યાસક્રમ માટે મેઇલ એડ્રેસ insthelpbranch@gmail.com રહેશે.

સંસ્થાએ દરેક વિધાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧) વિધાર્થી માટે ઓનલાઇન એપ્લીકેશન કરવા માટે શરૂ થવાની તારીખ: <u>૧૫/૯/૨૦૧૭</u>

(૨) વિધાર્થી માટે ઓનલાઇન એપ્લીકેશન બંધ થવાની તારીખ: <u>૧૫/૧૧/૨૦૧૭</u>

છેલ્લી તારીખ પછી કોઇપણ સંજોગોમાં એપ્લીકેશન ફોર્મ ભરવા દેવામાં આવશે નહી. જે વિધાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન કરેલ છે તેની જ સ્કોલરશીપ, સાધન સહાય, ફુડબીલ વગેરે યોજનાની રકમનું ચુકવણું કરવામાં આવશે. ઓફલાઇન અરજી માન્ય રાખવામાં આવશે નહી.

વિદ્યાર્થીએ કન્ફર્મ ફાઇનલ એન્ડ સબમીટ બટન ઉપર ક્લિક કરશે પછી તે દરખાસ્ત સંસ્થાના લોગીન માં દેખાશે.

ઝડપથી અને ચોકસાઇપૂર્વક કામ થાય તે માટે સંસ્થાએ દરેક વિદ્યાર્થીને અંગતરીતે, પ્રાર્થના વખતે, સંસ્થાના નોટીસબોર્ડ ઉપર તેમજ વિદ્યાર્થીનાં વોટ્સપગ્રુપ, ઇ-મેઇલ એડ્રેસ જેવાં સોસીયલમીડીયા નો ઉપયોગ કરી વિદ્યાર્થી તમામ યોજનાનો લાભ લે તે મુજબની જાણકારી તથા માર્ગદર્શન આપવાનું રહેશે,.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત